# એકાંતથી અધ્યાત્મમાં જે શુષ્ક થઈને ચાલતો, ચાબુક તેને મારીને વ્યવહારમાં વાળતો.

જેમ કોઈ પુણ્યશાળી પ્રતાપી રાજાને ત્યાં કુંવરનો જન્મ થાય તો સામાન્ય પ્રજા તે રાજકુંવરને ભવિષ્યમાં થનારા રાજા તરીકે જુએ છે પરંતુ ચાણક્યબુદ્ધિવંત શિક્ષાગુરુ વર્તમાનમાં જ રાજા તરીકે જુએ છે. અથવા જેમ મૂર્તિકાર પત્થરમાંથી મૂર્તિ કોતરતી વખતે પત્થરમાં પ્રથમથી જ મૂર્તિને પ્રત્યક્ષ દેખે છે; તેમ શ્રીમદ્ ભગવત્ કુંદકુંદ આચાર્યદેવના હાર્દને આત્મસાત્ કરીને પૂજ્ય ગુરુદેવશ્રી સ્વયં તો સર્વે જીવોને ભગવાન આત્મા તરીકે જ દેખતા હતા અને આપણને પણ 'તું પરમાત્મા છો—એમ નક્કી કર! તું પરમાત્મા છો—એમ નક્કી કર!' એમ અધ્યાત્મના ઉપદેશ વડે નિશ્ચય-આરૂઢ થવાની પ્રેરણા કરતા હતા. તેમ છતાં, જેમ વર્ષાઋતુમાં ધોધમાર વર્ષા થવાની સાથે વચ્ચે-વચ્ચે કેટલાક દિવસો ધોમ તડકા વડે અનાજ સારી રીતે પાકે તેવી કુદરતમાં સહજ વ્યવસ્થા હોય છે, તેમ પૂજ્ય ગુરુદેવશ્રીના દ્રવ્યદષ્ટિપ્રધાન ઉપદેશની ધોધમાર વર્ષામાં સાથે સાથે વ્યવહારધર્મનો તીખો ઉપદેશ પણ સહજપણે જ વણાયેલો રહેતો હતો.

આજે જ્યારે તેમના દુ:ખદ વિરહના ૩૦-૩૦ વર્ષો વહી જવા છતાં અધ્યાત્મની રેલમછેલમ વર્તી રહી છે ત્યારે કળિકાળના પ્રભાવના કારણે ક્યાંક ક્યાંક ક્યારેક વ્યવહારધર્મમાં નબળાઈ દેખા દે છે ત્યારે, તેઓશ્રીની 'ચાબુક મારીને વ્યવહારમાં વાળવાની' દેશનાનું અવલોકન જરૂરી બન્યું છે.

પૂજ્ય ગુરુદેવશ્રી પોતાના પ્રવચનોમાં ઠપકારૂપ ભાષાપ્રયોગ વડે કહી દેતાં કે 'અહીં તત્ત્વની ઊંચી વાત આવી એટલે હેઠલી વાતનું કાંઈ નહીં એમ ન હોય. પોતાને અંદરથી ઊગવું જોઈએ. કોઈ કહે એટલે નહીં પણ પોતાને દરકાર જોઈએ'.....'પાત્ર થવું કઠણ છે, વાતો કરતા શીખી ગયો એટલે હું સમજી ગયો એમ માને તો એમ નથી. આ તો બાપુ! સમજવું બહુ દુષ્કર છે. કેટલી પાત્રતા....કેટલી સજ્જનતા...કેટલી લાયકાત હોય ત્યારે ઈ સમજવાને લાયક થાય'....'એક ન્યાય મગજમાં એવો આવ્યો હતો કે "ધનાર્થી છે તે આત્માર્થી નહીં અને આત્માર્થી છે તે ધનાર્થી નહીં".....'જેમ અનીતિથી એક પાઈ પણ લેવા જે તૈયાર થાય છે તે અનુકૂળ યોગ હશે તો એ રીતે—અનીતિથી—આખા જગતની સંપત્તિ લેવા તૈયાર થઈ જશે.'.... 'બીજાની સાથે લડવું, જીતવું ને બીજાને બિચારાને પાછા પાડવા એ તો કાયરનું કામ છે.'

'એક રાજ્યના એક દીવાન હતા તે એટલા ન્યાય-નીતિ ને પ્રમાણિકતા માટે પંકાયેલા હતા કે તેઓ રાત્રે રાજ્યનું કામ કરે ત્યારે રાજ્યની મીણબત્તી બાળે પણ જો કોઈ ઘરની વાત માટે આવે તો ઘરની વાતના કામમાં રાજ્યની મીણબત્તી બુઝાવી દે ને ઘરની મીણબત્તી સળગાવીને ઘરનું કામ કરે. એક મિનિટ પણ રાજ્યની મીણબત્તી બાળવી તે ન્યાય-નીતિ નથી. જો લૌકિકમાં આવી પ્રમાણિકતા હોય તો આ તો અલૌકિક માર્ગ!

આ અલૌકિક માર્ગમાં આવનારને તો આવી ન્યાય-નીતિ-પ્રમાણિકતા પહેલેથી જ હોય, તો જ આ ધર્મ સમજાય. **લૌકિક ન્યાય–નીતિ ને પ્રમાણિકતાના ઠેકાણા ન હોય તેને તો આ ધર્મ ત્રણકાળમાં સમજાય નહીં.**

રામજીભાઈ માણેકચંદ દોશી જ્યારે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના પ્રમુખ હતા ત્યારે વહેલી સવારે મંદિરે પૂજા-અભિષેક કરવા આવતાં ત્યારે મંદિરે થતાં ગરમ પાણીથી તેઓ ન્હાતા. પરંતુ પ્રમુખપણું છોડ્યું ત્યારથી મંદિરનું ગરમ પાણી પણ વાપરતા નહીં. આવી પ્રમાણિકતા તેઓને પહેલેથી જ હતી.'

પ્રમાણિકતા વિશે સામાન્ય રીતે બહુ સ્થૂળ દોષને જ આપણે અપ્રમાણિકપણે ગણતા હોઈએ તો પૂજ્ય ગુરુદેવશ્રીએ મુરબ્બી શ્રી રામજીભાઈ દોશીના દૃષ્ટાંતથી બહુ સમજાવ્યું છે કે કેટલી હદે અપ્રમાણિકતાના સૂક્ષ્મ દોષોથી બચવું જોઈએ! ત્યારે તો આ તત્ત્વની ઊંચી વાત પરિણમે છે.

આત્માર્થીને માટે અપ્રમાણિકતા માત્ર પૈસાદિ સામાન્ય વ્યવહાર પૂરતું મર્યાદિત ન હોઈ શકે. પોતાના વ્યવસાય સંબંધી એટલે કે પોતે અત્યંત સાધન-સમ્પન્ન હોય છતાં ખેતી કરવી કે ખેતી કરતાં પણ કોઈ ગણતરીએ વધુ હિંસારૂપ બાંધકામની પ્રવૃત્તિ કરવી તે પણ તીવ્ર હિંસાની ગૌણતાપૂર્વકના તીવ્ર લોભ-પરિણામ હોવાથી પોતાના આત્મા પ્રત્યેની અપ્રમાણિકતા ગણાય. સાધર્મીને સહયોગ આપવાની ભાવના ન થવી, પોતાની શક્તિ હોવા છતાં સાધર્મીની જરૂરિયાત પ્રત્યે આંખ આડા કાન કરવા, પોતાને પાઈનું પણ નુકશાન ન થતું હોવા છતાં સાધર્મીને માર્ગદર્શન આપવાના પરિણામ ન થવા; શાસ્ત્રમાં તો આવે છે કે સાધર્મીના પુણ્ય ઓછા હોય ને કોઈ દીકરી પરણાવતું ન હોય તો પોતે દીકરી પરણાવે તેવા ભાવ સાધર્મી પ્રત્યે થવા જોઈએ, સાધર્મીની અશાતાના ઉદય વખતે પોતાના ઉપર પ્રસંગ આવી પડ્યો હોય તેમ પૂરી શક્તિથી સહયોગ આપવો જોઈએ તેના બદલે તે વખતે 'આપણે તો આપણા આત્માનું હિત કરી લઈએ' તેમ કહે—ઈત્યાદિ બધા અપ્રમાણિકતાના સૂક્ષ્મરૂપ છે.

પંડિત બનારસીદાસજીનો જીવન-પરિચય આપતા સ્વ. શ્રી રામજીભાઈ દોશીએ અધ્યાત્મ-સંદેશની પ્રસ્તાવનામાં લખ્યું છે કે પંડિતજી પાસે ૪-૫ સ્વાધ્યાયપ્રેમીઓ શાસ્ત્ર-પ્રવચન સાંભળવા આવતા હતા. તેમાના એક કચોરીવાળા ભાઈએ સાત-સાત મહિના પૈસા વિના પંડિતજીને જમાડ્યા તે પ્રસંગ સંબંધી સ્વ. શ્રી રામજીભાઈ લખે છે કે "આ પ્રસંગમાં કચોરીવાળા ભાઈએ પોતાના એક સાધર્મી પ્રત્યે સંકટ વખતે જે ઉદારભાવથી વાત્સલ્ય બતાવ્યું તે આ જમાનામાં અત્યંત અનુકરણીય છે." તાત્પર્ય એ કે બધા મુમુક્ષુઓને કાંઈ પૂજ્ય ગુરુદેવશ્રીનો ડાયરેક્ટ પરિચય થયો હોતો નથી; કોઈ સાધર્મીના સત્ સમાગમથી તેમની પ્રેરણા વડે પૂજ્ય ગુરુદેવશ્રીનો સાક્ષાત્ પરિચય અથવા તો તત્ત્વજ્ઞાનની રુચિ થવા પામી હોય છે એટલે જેમના નિમિત્તે પોતાને ભવસમુદ્રમાં ડૂબતા બચવાના સાધનરૂપ તત્ત્વજ્ઞાનની પ્રેરણા મળી હોય કે રુચિ થવા પામી હોય તે સાધર્મી પ્રત્યે જો પુત્ર-પરિવાર કરતાં પણ ભાવનાત્મક વિશેષ વાત્સલ્યભાવ ન હોય તો તે પોતાના આત્મા પ્રત્યે અપ્રમાણિકતારૂપ ગણાય.

જોકે અપ્રમાણિકતાનો અભાવ હોય તો તે કાંઈ ધર્મ નથી, પરંતુ નિશ્ચય-મોક્ષમાર્ગના સાધક જીવને પોતાની ભૂમિકા અનુસાર આવું ભિંજાયેલું હૃદય સહજપણે હોય—એમ પૂજ્ય ગુરુદેવશ્રી નિશ્ચયની સાથે વ્યવહારધર્મની પ્રરૂપણા પ્રત્યે પણ સજાગ રહેતા હતા.

પૂજ્ય ગુરુદેવશ્રીએ કરુણા કરીને હજારોવાર આપણને કહ્યું છે કે—

"આવા કાળે આવું તત્ત્વ સમજવા માંડ મનુષ્યદેહ મળ્યો છે તે ચાલ્યો જશે હો! આ ભવ

તો એક સ્વપ્ન જેવો છે. સ્વપ્ન પણ બહું મોટું કહેવાય, અનંતકાળના હિસાબે માણસનો ૫૦-૬૦-૭૦-૭૫ વર્ષની ગણતરી શી? થોડો કાળ!–એમાં તારું આત્મહિત કરી લે બાપા! આગ્રહ છોડી દે ને સત્ય હોય તેનું શરણ લે; ફરી પાછા આવા ટાણા નહીં મળે!'' આના સંદર્ભમાં વિચારીએ તો જેને ધન-સંપત્તિ આદિનો પરિગ્રહ ૨-૪ પેઢી વાપરેય તોપણ ખૂટે નહીં એટલો હોય છતાં વ્યવસાયથી નિવૃત્તિ લ્યે નહીં ને ઉલટાનો વ્યવસાયનો વિકાસ સાધવામાં પોતાના દુર્લભકાળનો વ્યય કરી રહ્યો છે તે તો જગતમાં સૌથી મોટો અપ્રમાણિક છે. બીજા જીવ સાથે છેતરપિંડી કરનાર અપ્રમાણિક જીવ પાપ બાંધે છે જેના ફળમાં અશાતા ભોગવશે; પરંતુ તત્ત્વની સમજ પડ્યા પછી પણ; તત્ત્વની થોડી રુચિ જાગૃત થયા પછી પણ; ગુરુની કૃપાપૂર્ણ લાલબત્તી દેખવા છતાં પણ વ્યવસાય આદિ લૌકિક પ્રવૃત્તિથી નિવૃત્તિ નહીં લેવારૂપ પોતાની સાથે જે છેતરપિંડી કરે છે તે તો અનંતા ભવભ્રમણ વધારતો હોવાથી સૌથી મોટો અપ્રમાણિક છે. આવી અપ્રમાણિકતાથી સાવધાન થયા વિના આત્મહિતની સાધના અસંભવ !!

આ તો થઈ લૌકિક સજ્જનતા અને યોગ્યતા સંબંધીની પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રરૂપણાની વાત. પરંતુ તેથી પણ આગળ વધીને તેઓશ્રીની વ્યવહારમાર્ગની પ્રરૂપણામાં પણ તેઓશ્રીને કેટલી સાવધાની વર્તતી હતી તે સમજવાની જરૂર છે.

તેઓશ્રીના જીવનકાળ દરમ્યાન અનેક પ્રસંગે  વર્તમાન મુનિઓના સમાગમનો પ્રસંગ બનતો ત્યારે તેઓશ્રી મુનિઓને યોગ્ય સન્માન આદિ લોક-વ્યવહાર કરતાં, પરંતુ ક્યારેય ધર્મનો વ્યવહાર તેમના પ્રત્યે ન કરતા; ચાહે તે મુનિ પૂજ્ય ગુરુદેવશ્રીની તત્ત્વ-પ્રરૂપણાના પ્રશંસક ને પ્રચારક ભલે ને હોય! કેમ કે તેઓ ચોકામાં પોતાના માટે બનેલ ઉદ્દિષ્ટ-ભોજન ગ્રહણ કરતા ને ૨૮ મૂલગુણ ચોક્ખા પાલન કરતા ન હોવાથી તેમને સાચું દ્રવ્યલિંગ પણ ન હોવાથી તેમના પ્રત્યે ક્યારેય ધર્મનો વ્યવહાર કરતા નહીં.

આ વાત અમને એટલા માટે યાદ આવે છે કે જો પૂજ્ય ગુરુદેવશ્રીએ ઉદ્દિષ્ટ આહાર સંબંધીની વાતમાં ઢીલાશ બતાવી હોત–છૂટછાટ મૂકી હોત તો પૂજ્ય ગુરુદેવશ્રી સારાય દિગમ્બર સમાજમાં બુહમાન પામી શકત; પરંતુ તેઓશ્રી જેમ નિશ્ચયના પ્રખર પ્રવક્તા હતા તેમ વ્યવહારધર્મની પરંપરાના પ્રખર રક્ષક હતા તેથી જ તેઓએ તત્ત્વોપદેશમાં નિર્ભિકપણે સાથોસાથ જાહેર કર્યું કે ચોથો કાળ હોય કે પાંચમો હોય મુનિધર્મ એક જ સમાન હોય; ન તો ચોથાકાળના મુનિઓ ઉદ્દિષ્ટ-ભોજન લેતા કે ન પાંચમા આરાની શરૂઆતના મુનિઓ ઉદ્દિષ્ટ-ભોજન લેતા. એટલે કે બે હજાર વર્ષ પહેલાંના આચાર્ય કુંદકુંદ સ્વામી આદિ જેમ ઉદ્દિષ્ટ-ભોજન નહોતા લેતા તેમ વર્તમાનમાં પણ સાચા દ્રવ્યલિંગી મુનિને પોતાના માટે બનેલો આહાર–ઉદ્દિષ્ટ ભોજન–ત્યાજ્ય જ હોય; જો પોતાના માટે બનેલો આહાર લ્યે તો મુનિધર્મ ભંગ થાય છે, મુનિપણું છૂટી જાય છે; વાત્સલ્યભાવે ૭૦૦ મુનિઓનો ઉપસર્ગ દૂર કરવા જતા વિષ્ણુકુમાર મુનિરાજનું મુનિપણું જો ભ્રષ્ટ થયું હતું તો પોતાના માટે ઉદ્દિષ્ટ-આહાર ગ્રહણ કરવાથી મુનિપણું ક્યાંથી ટકી શકે !

ઝાલનાના વયોવૃદ્ધ મુનિરાજ ભવ્યસાગર મુનિ તો પૂજ્ય ગુરુદેવશ્રીને પત્ર લખતા કે છેલ્લા ૨૦૦ વર્ષોમાં આ વાત ન હતી, આવું તત્ત્વજ્ઞાન તમે ક્યાંથી લાવ્યા? વિગેરે ખૂબ પ્રશંસા વ્યક્ત કરતા. પરંતુ પૂજ્ય ગુરુદેવશ્રીએ તેમના માટે ક્યારેય સાચા દ્રવ્યલિંગી હોવાનો ઈશારો પણ કર્યો ન હતો!!

જેમ પૂજ્ય ગુરુદેવશ્રી કહેતા કે સર્વજ્ઞની ઉપસ્થિતિ નથી એટલે શું અમે ઉદ્દિષ્ટ-આહારની વ્યાખ્યા હળવી કરીએ? તેમ આજે જ્યારે પૂજ્ય ગુરુદેવશ્રીની ઉપસ્થિતિ નથી ત્યારે મુમુક્ષુઓની હવે એ જવાબદારી રહે છે કે કોઈ મુનિરાજ પૂજ્ય ગુરુદેવશ્રીની તત્ત્વ-પ્રરૂપણા અનુસાર અધ્યાત્મનો પ્રચાર-પ્રસાર કરતા હોય તોપણ ઉદ્દિષ્ટ-આહાર લેતા હોય તો ન તો તેમને સાચા દ્રવ્યલિંગી મુનિરાજ માની શકાય કે ન તેમના માટે સાચા મુનિરાજ હોવાનો પ્રચાર કરી શકાય. આજકાલ ત્યાગી-વ્રતી કે શુદ્ધ ભોજનવાળા આપણા જ પ્રતિષ્ઠિત વિદ્વાન પૂજ્ય ગુરુદેવશ્રીને માનતા હોય તેવા વયોવૃદ્ધ મુનિરાજને સ્વયં ઉદ્દિષ્ટ-આહારનું (-મુનિરાજ માટે ચોકામાં બનેલા આહારનું) આહારદાન કરે છે ને મુમુક્ષુ-સમાજમાં પ્રચાર કરે છે કે હજુ ૧૮૫૦૦ વર્ષ સુધી મુનિધર્મ ટકાવવાનો છે અને લોકપ્રમાણ અસંખ્ય પ્રકારની મુનિક્રિયા હોવાથી ઉદ્દિષ્ટ-આહાર માટે આપણે નિષેધ ન કરાય! જોકે મિથ્યાત્વના લોકપ્રમાણ અસંખ્ય પ્રકાર છે, નહીં કે મુનિક્રિયાના !! પરંતુ પોતે ત્યાગી-વ્રતી હોવાથી ઉદ્દિષ્ટ-ભોજન સંબંધી આવો બચાવ કરે છે જે અક્ષમ્ય દોષરૂપ છે, મુનિધર્મની પરંપરાનો ઘાતક છે.

તાત્પર્ય એ કે પોતાના માટેના ચોકામાં બનેલો ઉદ્દિષ્ટ-આહાર ગ્રહણ કરનાર મુનિરાજને— ચાહે તેઓ પૂજ્ય ગુરુદેવશ્રીના અનુમોદક હોય તોપણ જો આપણા કોઈપણ મુમુક્ષુ-વિદ્વાન તેઓ સાચા દ્રવ્યલિંગી હોવાની સ્વયં માન્યતા ધરાવતા હોય, પોતાના પ્રવચનના માધ્યમથી સાચા મુનિરાજ હોવાનો પ્રચાર કરતા હોય તો તેવા વિદ્વાનને પૂજ્ય ગુરુદેવશ્રીના મુમુક્ષુ-સમાજમાં પ્રવચન કરવાની અનુમતિ આપવી એટલે અનુમતિ આપનાર જે તે સંસ્થા અને તેના શ્રોતાઓ સ્વયં પૂજ્ય ગુરુદેવશ્રીની અવહેલના કરનાર છે તે આપણે ન ભૂલવું જોઈએ.

આજકાલ ત્યાગી-વ્રતી અને વૈરાગી વક્તાઓથી યુવાન મુમુક્ષુઓ વધુ પ્રભાવિત છે; જોકે તેઓ પ્રભાવિત થવાના કારણો પણ છે. પૂજ્ય ગુરુદેવશ્રીનું વર્ષોનું સાન્નિધ્ય પામેલા મુમુક્ષુઓમાંથી પંચકલ્યાણક પ્રતિષ્ઠામાં ભગવાનના માતા-પિતા બન્યા હોય તેમાંથી કોઈક કોઈક મુમુક્ષુઓ માતા-પિતા બન્યા બાદ રાત્રીભોજન કરતાં હોય, યુરોપ-અમેરિકા કે જ્યાં ભોગ-વિલાસની અભિવ્યક્તિ વિશેષરૂપ હોય ત્યાં ફરવા જાય કે ૫૦ વર્ષ પહેલાં તેઓએ અબ્રહ્મચર્યનો સાંસારિક વ્યવહાર(-લગ્ન) શરૂ કર્યો હોય તેની તે બ્રહ્મચારી માતા-પિતા ઉજવણી કરતાં હોય!—આવું દોષિત આચરણ જોઈને તે યુવાનો ત્યાગી—વ્રતી ને વૈરાગી વક્તાઓથી પ્રભાવિત થાય છે. આ યુવાનોએ પૂજ્ય ગુરુદેવશ્રીના ન તો સાક્ષાત્ દર્શન કર્યા છે કે ન તો પોતાની મેળે પૂજ્ય ગુરુદેવશ્રીના તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કર્યો છે એટલે તેઓ ત્યાગ-વ્રત આદિથી પ્રભાવિત થઈ જાય છે. તેથી તે વિદ્વાન કહે કે પેલા વયોવૃદ્ધ મુનિરાજ પૂજ્ય ગુરુદેવશ્રીની તત્ત્વ-પ્રરૂપણા અનુસાર પ્રવચન આદિ કરે છે તે ભલે દાંત ખોતરણીથી દાંત ખોતરતા રહે છે, મોરપીંછીથી મચ્છર આદિને શરીર ઉપરથી ઉડાડે છે, પાટલાને ઓસીકું બનાવી સૂવે છે, ચોકામાં બનેલો ઉદ્દિષ્ટ-આહાર લ્યે છે ઇત્યાદિ મુનિધર્મના ભંગરૂપ અનેક દોષ કરે છે તોપણ તેઓ શુદ્ધ તત્ત્વજ્ઞાનના સમર્થક છે માટે છટ્ઠા-સાતમા ગુણસ્થાનવર્તી ભાવલિંગી સંત છે; જો અત્યારે આચાર્ય કુંદકુંદસ્વામી અહીં હોત તો તેઓ પણ આવા—ઉદ્દિષ્ટ આહાર લેનાર, અનેક પ્રકારે મુનિધર્મનો ભંગ કરનારા—મુનિરાજ હોત! વિગેરે સાંભળીને યુવાન શ્રોતાવર્ગ પણ તેમને સાચા મુનિરાજ માનવા પ્રેરાય છે. આગળ જતાં "તત્ત્વ-પ્રરૂપણા યથાર્થ છે માટે મુનિક્રિયામાં ભલે જે કાંઈ દોષ હોય તોપણ તેઓ સાચા મુનિરાજ છે"—એવું મુમુક્ષુ-સમાજમાં ઘૂસી જશે. આવું થતું અટકાવવું તે સાચા મુમુક્ષુની ફરજ છે અને કોઈપણ સંસ્થા—ચાહે તે દેવલાલી હોય, જયપુર હોય કે મંગલાયતન સંસ્થા કેમ ન હોય—જો તે આવી ખોટી પ્રરૂપણાને અનુમોદન આપે—તેવા વિદ્વાનને નિમંત્રણ આપે તો મુમુક્ષુ સમાજે તે સંસ્થાનો વિરોધ કરતા અચકાવું ન જોઈએ.

હજુ તો પૂજ્ય ગુરુદેવશ્રીના સાક્ષાત્ સાન્નિધ્યમાં આવ્યા હોય તેવા સેંકડો મુમુક્ષુ હયાત છે છતાં આવી ખોટી પ્રરૂપણા જો મુમુક્ષુ-સમાજમાં પગ-પેસારો કરવા લાગશે તો આગળ જતાં મુમુક્ષુસમાજની શી સ્થિતિ હશે? તે વિચારવા જેવું છે. તા. ૨૮-૧૧-૮૦ના રોજ પૂજ્ય ગુરુદેવશ્રીએ આપણી વચ્ચેથી ચિર-વિદાય લીધી એટલે કે હજુ ૩૦ વર્ષ વીત્યા છે ત્યાં જો આપણે જાગ્રત નહીં રહીએ તો આગળ જતાં આપણા જ વંશજો—પરિવારના સભ્યોની કેવી અવદશા થશે? આજે તો એવી પરિસ્થિતિ છે કે પૂજ્ય ગુરુદેવશ્રીના સમાધિના વાર્ષિક દિને શિબિર રાખવામાં આવી હોય, ઉપકાર-સ્મૃતિ-દિન તરીકે મોટું આયોજન કરવામાં આવ્યું હોય તેવા કાર્યક્રમમાં આમંત્રિત ત્યાગી-વ્રતી વિદ્વાન પંડિત પોતાના પ્રવચનમાં પૂજ્ય ગુરુદેવશ્રીના ગુણકીર્તન કરવાનું તો દૂર રહ્યું, મુમુક્ષુસમાજની શિબિરમાં પોતાના પ્રવચનોમાં એકાદવાર પણ વાર્ષિક સમાધિદિન નિમિત્તે પણ પૂજ્ય ગુરુદેવશ્રીના નામનો ઉલ્લેખ પણ ન કરે છતાં આપણા કેટલાક પંડિતો પોતાના પ્રવચનોમાં તત્ત્વના કોટેશન વારંવાર તે ત્યાગી-વ્રતી પંડિતના આપે, નહીં કે પૂજ્ય ગુરુદેવશ્રીના !! કેમકે તેઓ સ્વયં પણ તેમનાથી વિશેષ પ્રભાવિત હોય છે. શું આ છે મુમુક્ષુ-સમાજના વક્તાઓની પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યેની અર્પણતા? પૂજ્ય ગુરુદેવશ્રી પ્રવચન વખતે નીચે બેઠેલા શ્રોતાઓને શાસ્ત્ર સાથે રાખવું તે જ સાચો શાસ્ત્ર-વિનય હોવાનું કહેતા; ત્યાગી-વ્રતી વિદ્વાન પોતે પૂજ્યશ્રીથી પણ કાંઈક વિશેષ દેખાડવા પોતાના પ્રવચન વખતે નીચે બેઠેલા કોઈપણ શ્રોતાને શાસ્ત્ર સાથે રાખવાનો તીવ્ર નિષેધ કરે; ભૂલથીયે પૂજ્ય ગુરુદેવશ્રીને બહુમાનથી પ્રવચનમાં યાદ પણ કરે નહીં છતાં આપણા જ વિદ્વાનો તથા શ્રોતાઓ તત્ત્વજ્ઞાનની નવી વાત સાંભળવાના લોભમાં તેમના પ્રભાવમાં આવી જાય તો....તો...!!!

આજના ભૌતિક-સુખ-સમૃદ્ધિના યુગમાં પણ પૂજ્ય ગુરુદેવશ્રીની તત્ત્વજ્ઞાનની પ્રરૂપણાના પ્રતાપે લાખો જીવો ભૌતિકસુખની ઉપેક્ષાવૃત્તિપૂર્વક આત્મહિતનો ઉદ્યમ કરે છે અને નવા નવા યુવાનો પણ આ માર્ગે ઉત્સાહથી આગળ વધવા પ્રયત્ન કરે છે. છતાં અનાદિના સંસ્કારવશ અશુભ કરતાં શુભ લાભદાયી હોવાની છૂપી માન્યતા છૂટવી દુષ્કર હોવાથી, દૃષ્ટિના વિષયની ઊંચી વાત કરનાર વિદ્વાન અગર ત્યાગ-વ્રત-(સોલાનું) શુદ્ધ ભોજન આદિ કરતા જોવે તો એને એમ થઈ જાય છે કે આ કાંઈક વિશેષ કરે છે; તેમને એ નથી સ્મૃતિમાં રહેતું કે સમ્યગ્દર્શન વિનાના જે કાંઈ વ્રત-તપ-ત્યાગ આદિ કરવામાં આવે છે તે ઘોડાની લાદ સમાન માત્ર દેખાવમાં સારા હોવા છતાં તે સઘળુંય સંસારનું બીજ છે; તે સઘળુંય સંસારનું કારણ છે; તે સઘળુંય ભોગીઓના ભોગનું મૂળ છે અને સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યા પછી છટ્ઠે ગુણસ્થાને ભૂમિકા અનુસાર તે વ્યવહાર-ચારિત્ર "હોતું થકું" દુષ્ટ છે, અનિષ્ટ છે અને ઘાતક છે માટે ભાવલિંગી સંતને તે ત્યાજ્ય છે!! પરંતુ સમ્યગ્દર્શન પહેલાં તો તેને "હોતું થકું" પણ કહેવા યોગ્ય નથી અને હોય તોપણ તે ભવનું બીજ છે; તેના માટે આચાર્યના નીચે જણાવેલ અવતરણો ગંભીરતાથી સમજવા જેવા છે :—

❊ આચાર્ય કુંદકુંદસ્વામી રયણસારની ગાથા ૧૨૭મા કહે છે કે—

પંચ મહાવ્રતનું પાલન કરવું, ગુપ્તિ સમિતિઓનું પાલન કરવું, બ્રહ્મચર્ય પાળવું, પરિષહો જીતવા, ચારિત્રનું પાલન કરવું, તપશ્ચરણ કરવું, છ આવશ્યકોનું પાલન કરવું, ધ્યાન કરવું, શાસ્ત્રનો અભ્યાસ કરવો—**આદિ બધું સમ્યગ્દર્શન વિના ભવનું બીજ સમજો.**

❊ પં. શ્રી રાજમલજી કળશટીકામાં કહે છે કે—

જેટલું શુભ-અશુભ ક્રિયારૂપ આચરણ અથવા બાહ્યરૂપ વક્તવ્ય અથવા સૂક્ષ્મ અંતરંગરૂપ ચિંતવન, અભિલાષ, સ્મરણ ઇત્યાદિ છે તે સમસ્ત અશુદ્ધત્વરૂપ પરિણમન છે, શુદ્ધ પરિણમન નથી;

તેથી બંધનું કારણ છે; મોક્ષનું કારણ નથી. તેથી જેમ કામળાનો (-ચિત્રામ) સિંહ કહેવાનો સિંહ છે તેમ **આચરણરૂપ (ક્રિયારૂપ) ચારિત્ર કહેવાનું ચારિત્ર છે, પરંતુ ચારિત્ર નથી, નિઃસંદેહપણે એમ જાણો.** (કળશ-૧૦૭)

અહીં કોઈ જાણશે કે શુભ-અશુભ ક્રિયારૂપ જે આચરણરૂપ ચારિત્ર છે તે કરવાયોગ્ય નથી તેમ વર્જવાયોગ્ય પણ નથી. ઉત્તર આમ છે કે—વર્જવાયોગ્ય છે, કારણ કે વ્યવહારચારિત્ર હોતું થકું દુષ્ટ છે, અનિષ્ટ છે, ઘાતક છે; તેથી **વિષય–કષાયની માફક ક્રિયારૂપ ચારિત્ર નિષિદ્ધ છે** એમ કહે છે—શુભ-અશુભરૂપ કરતૂત (કૃત્ય) નિષેધ્ય અર્થાત્ ત્યજનીય છે. (કળશ-૧૦૮)

સર્વજ્ઞ વીતરાગ, જેટલી શુભરૂપ વ્રત-સંયમ-તપ-શીલ-ઉપવાસ ઈત્યાદિ ક્રિયા, વિષય-કષાય-અસંયમ ઈત્યાદિ ક્રિયા તેને **એકસરખી દૃષ્ટિથી** બંધનું કારણ કહે છે. (કળશ-૧૦૩)

❊ પં. શ્રી રાજમલજી પંચાધ્યાયીમાં કહે છે કે–

બુદ્ધિની મંદતાથી આવી આશંકા ન કરવી કે—શુભોપયોગ એકદેશથી પણ નિર્જરાનું કારણ થાય છે. કારણ કે **શુભોપયોગ, અશુભને લાવનાર હોવાથી** તે નિર્જરાદિકનો હેતુ થઈ શકતો નથી તથા ન તો તે શુભ પણ કહી શકાય છે. (ભાગ-૨, ગાથા-૭૬૨)

જેમ દુષ્કાર્યના ઉત્પાદક હેતુને દુષ્ટ કહે છે તે જ પ્રમાણે **અનિષ્ટ ફળદાયી હોવાથી વ્રતક્રિયા ઇષ્ટાર્થરૂપ નથી, પરંતુ અનિષ્ટાર્થ જ છે.** (ભાગ-૨, ગાથા-૫૬૮)

❊ મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ નિયમસારની ટીકા કરતાં કહે છે કે—

**સઘળુંય સુકૃત (શુભકર્મ) ભોગીઓના ભોગનું મૂળ છે;** પરમતત્ત્વના અભ્યાસમાં નિષ્ણાત ચિત્તવાળા મુનીશ્વર ભવથી વિમુક્ત થવા અર્થે તે સઘળાય શુભકર્મને છોડો અને સારતત્ત્વરૂપ એવા ઉભય સમયસારને ભજો એમાં શો દોષ છે? (શ્લોક-૫૯)

❊ આચાર્ય શ્રી અમિતગતિ યોગસાર-પ્રાભૃતમાં કહે છે કે—

જેઓ અજીવતત્ત્વને કે જે જીવતત્ત્વથી વિધિ દ્વારા વિભક્ત છે તેને યથાર્થરૂપે જાણતા નથી તેઓ ચારિત્રવાન હોવા છતાં—ચારિત્રનું અનુષ્ઠાન કરવા છતાં—પણ તે વિવિક્ત—શુદ્ધ અને નિર્મળ—આત્માને પ્રાપ્ત થતા નથી કે જે દોષોથી રહિત છે. (અજીવ અધિકાર, ગાથા-૫૦)

❊ સમ્યક્ત્વરહિત વ્યવહાર ધર્માચરણ ઘોડેકી લીંદ (લાદ) સમાન ઉપરસે ભલા ચિકનાઈ દિખાઈ દેને પર ભી વહ દુર્ગંધયુક્ત હોતા હૈ તથા અંદરસે વહ ભલા ચિકના કાંતિયુક્ત નહીં હોતા **અતઃ ઉસે ભગવતી આરાધનામેં સંસારકા કારણ કહા હૈ.**

તાત્પર્ય એ કે આ દુર્લભ માનવભવમાં મેરુ જેટલા પુણ્યના યોગ વડે પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા પ્રરૂપિત દ્રવ્યદૃષ્ટિપ્રધાન અધ્યાત્મનો માર્ગ પામીને, દરિયો આખો તરી જઈને બહાર આવીને ખાબોચિયામાં (ગાયના ખૂરમાં) ડૂબી જવા જેવી દશા ન થાય તે માટે કોઈના પ્રભાવમાં આવ્યા વિના જાગૃત રહેવાની જરૂર છે.

પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા પ્રરૂપિત, સર્વજ્ઞદેવના તત્ત્વજ્ઞાન અનુસાર જે કોઈ મુનિરાજ તત્ત્વનો પ્રચાર કરતા હોય તેનો વ્યક્તિગત આપણને કોઈ વિરોધ ન હોઈ શકે, પરંતુ જો તેઓ પોતાને સાચા દિગમ્બર મુનિરાજ માનતા હોય, મનાવતા હોય તો તે માન્યતાનો આપણને નિષેધ હોવો જોઈએ અને

જો કોઈ પ્રતિષ્ઠિત વિદ્વાન પણ તેમને સાચા મુનિરાજ માનતા હોય ને પ્રવચનના માધ્યમથી પોતાની માન્યતાનો પ્રચાર કરતા હોય તો તે વિદ્વાનને મુમુક્ષુની સભામાં વક્તારૂપે આમંત્રિત કરવાનો આપણને નિષેધ વર્તવો જોઈએ. તેમજ જે વિદ્વાન મુમુક્ષુ-સમાજની ધર્મસભામાં—પ્રવચન ચર્ચા આદિમાં—જો પૂજ્ય ગુરુદેવશ્રી માટે ક્યારેય બહુમાન વ્યક્ત ન કરતા હોય તો તેમને પૂજ્ય ગુરુદેવશ્રીની સંસ્થામાં પ્રવચનકર્તારૂપે આમંત્રિત કરવાનો આપણને નિષેધ વર્તવો જોઈએ. જો કોઈ સંસ્થા પોતાના પ્રચાર આદિ અર્થે ઉપરોક્ત બાબતને ગૌણ કરશે તો આગામી કાળની પેઢીને વ્યવહારધર્મમાર્ગથી ગૂમરાહ કરાવનાર બની રહેશે.

નિશ્ચય-મોક્ષમાર્ગના પ્રખર પ્રણેતા પૂજ્ય ગુરુદેવશ્રીએ જેમ આત્માર્થીની ભૂમિકામાં લૌકિક પ્રમાણિકતા આદિ સંબંધી થોડો છતાં તીખો ઉપદેશ આપ્યો છે; વ્યવહાર-ધર્માચરણ સંબંધી જાગૃત કર્યા છે, તેમ જ્ઞાનદાનની પણ પ્રેરણા કરતા રહેતા હતા. તેઓશ્રી સ્પષ્ટપણે કહેતા કે જ્યાં જિનમંદિર ન હોય, જિનેન્દ્રદેવના દર્શન થઈ શકતા ન હોય ત્યાં દરરોજ દર્શન-પૂજન હેતુએ જિનમંદિર-જિનબિંબની સ્થાપના હોવી જોઈએ. પરંતુ એક જગ્યાએ અનેક જિનમંદિરો કોઈ વિશેષ હેતુ વિના ન હોવા જોઈએ. જ્યાં જિનમંદિર હોય ત્યાં પત્થરમાં પૈસા નાખવાને બદલે શાસ્ત્રોમાં પૈસા વાપરવા જોઈએ. ખ્રીસ્તી લોકો ૧૬ રૂા.નું પુસ્તક ૪ આનામાં આપે છે તેમ શાસ્ત્રોની કિંમત ઘટાડી જ્ઞાનદાન કરવું જોઈએ. પોતાનો પરિવાર કે જે જૈનમાં જન્મ્યો છે તેને ખબર તો પડે કે વીતરાગી જિનેન્દ્રદેવ શું કહે છે? આચાર્યોએ મહાન કરૂણા કરીને શાસ્ત્રો લખ્યા છે તો તેમાં શું ભર્યું છે તે જૈનના ઘરમાં જન્મેલાને ખબર તો પડે! તે માટે શાસ્ત્રોની કિંમત ખૂબ ઓછી કરીને જ્ઞાનદાન કરવું જોઈએ.

પૂજ્ય ગુરુદેવશ્રીના સાચા અનુયાયી હોવાનું જો આપણને ગૌરવ વેદાતું હોય તો નિશ્ચય-મોક્ષમાર્ગની સાધના ઉપર જણાવેલ વિષયોને—અપ્રમાણિકતાના સૂક્ષ્મ દોષો પ્રત્યે સજાગ રહેવું; કોઈના પણ પ્રભાવમાં ખેંચાયા વિના વ્યવહાર-ધર્માચરણ સંબંધી સાવધાન રહેવું અને જ્ઞાનદાનની અધિક આવશ્યકતા સમજવી ઈત્યાદિ વિષયોને—પોતાના ધર્મવ્યવહારમાં અપનાવવા જોઈએ.

પૂજ્ય ગુરુદેવશ્રીએ અસીમ કરૂણા વર્ષાવીને અધ્યાત્મના અનેક ગ્રંથોનો તેમજ ચરણાનુયોગના વ્યવહારગ્રંથોનો જે મર્મ આપણને સમજાવ્યો છે તેને આપણે બરાબર સમજીને તે માર્ગે આગળ વધીએ અને તે માર્ગથી ચ્યૂત થતા જીવોને આ માર્ગે ચઢાવીએ તે જ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ સાચી ભક્તિ-અર્પણતા ગણાશે એવી ભાવના સહ—